Paper Code – 3934

M.A. Sem – 3 PSYCHOLOGY (Old Course)
Mar-Jun - 2021
CC-302 - Organizational Behaviour (Theory)

કુલ સમય :– ૬૦ મીનીટ કુલ પ્રશ્નો : ૫૦ વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

1 ઔદ્યોગિક ક્ષેત્રે મનોવિજ્ઞાનની પ્રારંભિક ભૂમિકાને શેની સાથે સરખાવવામાં આવી છે?
(A)દાસી (B) રાજા (C) ખજાનચી (D) મંત્રી

2 હોથોર્ન અભ્યાસ સાથે કોનું નામ સંકળાયેલું છે?
(A) બ્લૂમ (B) ટેલર (C) એલ્ટન મેયો (D) ગીલબ્રેથ

3 માનવીની સ્નાયવિક અને અન્યઅભિશકિતઓનો મહત્તમ ઉપયોગ થાય તે હેતુસર યંત્રરચનામાં સુધારા કરવાના પ્રયાસોમાંથી મનોવિજ્ઞાનમાં કઈ શાખા વિકસી?
(A) ઈજનેરી શાખા (B) માનવીય યંત્રવિજ્ઞાન (C) એન્જિનિયરીંગ મેનેજમેન્ટ (D) માનવ વિજ્ઞાન

4 ડબલ્યુ સ્કોટે આપેલા ત્રણ સંસ્થાકીય સિધ્ધાંતો બાબતે નીચેનામાંથી કયો સિધ્ધાંત બાકાત છે?
(A) પ્રશિષ્ટ (B) નવપ્રશિષ્ટ (C) આધુનિક (D) તાંત્રિક

5 સંસ્થાકીય સંગઠનના સિધ્ધાંતો કોણે વર્ણવ્યા છે?
(A) ઘોષ અને ઘોરપડ (B) ડેવીસ (C) ડબલ્યુ સ્કોટ (D) કાત્ઝ અને કાહન

6 પ્રશિષ્ટ અથવા પરંપરાગત અભિગમની વિચારપ્રણાલિનાઉદયનો યશ કોના ફાળે જાય છે?
(A) એલ્ટન મેયો (B) ફેડરીક ટેલર (C) શેફર (D) ગીલબ્રેથ

7 નવપ્રશિષ્ટ અભિગમનું સ્ફૂર્તિસ્થાન કયાં છે?
(A) એલ્ટન મેયો અને સાથીઓ (B) મેકગ્રેગર (C) મિલ્ટન–બ્લૂમ (D) લાયકર્ટ

8 અનૌપચારિક જૂથ રચનાને નિયત કરનારા મહત્વના ચાર પરિબળોમાં નીચેનામાંથી કયું નથી?
(A) અભિરુચિ (B) સ્થળ (C) નોકરી (D) ધંધો–વ્યવસાય

9 નીચેનામાંથી કયું ખુલ્લાતંત્રનું એક લક્ષણ નથી?
(A) આંતરનિર્વેશ (B) બહિનિર્વેશ (C) સંરચના (D) તાપમાન

10 નીચેનામાંથી બંધતંત્ર ઓળખાવો.
(A) યુનિવર્સિટી (B) હોસ્પીટલ (C) ઘડીયાળ (D) કોલેજ

11 સંસ્થાના પેટાપ્રકારો (ઉપતંત્ર) માં શું સમાવિષ્ટ નથી?
(A) ઉત્પાદન (B) જાહેરાત (C) અનુરક્ષણ કાર્યો (D) વ્યવસ્થાપન ઉપતંત્રો

12 નિમ્ન સ્તરના અધિકારીઓ પાસેથી અહેવાલ સ્વરૂપે માહિતી મેળવવાની પ્રક્રિયાને શું કહે છે?
(A) પ્રતિપુષ્ટિ (B) દબાણ (C) જોહુકમી (D) સત્તા

13 સારા કાર્ય માટે કર્મચારીને ઈનામ કે પુરસ્કાર આપવો તે ઉપતંત્રની કઈ કક્ષામાં આવશે?
(A) પોષણ ઉપતંત્રો (B) અનુકૂલન ઉપતંત્રો (C) અનુરક્ષણ ઉપતંત્રો (D) વ્યવસ્થાપન ઉપતંત્રો

14 કયા મનોવૈજ્ઞાનિકે સંસ્થાકીય વર્તનનું બે મુખ્યસિધ્ધાંતમાં વર્ગીકરણ કર્યું છે?
(A) બ્લમ–નેલર (B) ડગ્લસ મેકગ્રેગર (C) ડબલ્યુ સ્કોટ (D) ડેવિસ

15 સંસ્થાકીય વર્તનના સિધ્ધાંતોમાં નીચેનામાંથી કયો સમાવિષ્ટ નથી?
(A) 'ક્ષ' અને 'ય' બંને (B) 'ક્ષ' (C) 'ક' (D) 'ય'

16 સામાજિક સંસ્થાઓએ અનેક આંતરસંબંધિત કાર્યપ્રવૃત્તિઓ અને ઘટનાઓનું સંકુલ તંત્ર છે? – આ વ્યાખ્યાકોણે કરી છે?
(A) લ્યૂઈન (B) ગેલરમેન (C) કાત્ઝઅને કોહન (D) ડેવિસ

17 વ્યકિતના જીવન અવકાશનો ખ્યાલ કોણેઆપ્યો?
(A) લ્યૂઈન (B) સી.ટી.મોર્ગન (C) પિયાંજે (D) લોરા બર્ક

18 સંસ્થાકીય જીવન અવકાશના વિભાગો અને ઉપવિભાગોને જે ત્રણ સંકલ્પનાઓ વડે સ્પષ્ટ કરાઈ છે તેમાં નીચેનામાંથી કઈ નથી?
(A) અધિતંત્રો (B) પર્યાવરણ તંત્રો (C) ઉપતંત્રો (D) સમકક્ષ તંત્રો

19 ગેલરમેને સંસ્થાકીય આબોહવાના કેટલા પ્રકારો ગણાવ્યા છે?
(A) ત્રણ (B) બે (C) ચાર (D) પાંચ

20 ડીથ ડેવિસે સંસ્થાકીય વર્તનના સિધ્ધાંતોનું જે વર્ગીકરણ આપ્યું છે, તે ત્રણમાં નીચેનામાંથી કયું ઘટકબાકાત છે?
(A) પોષણશાહી (B) નિરકુંશ સત્તાશાહી (C) નોકરશાહી (D) સંભાળશાહી

21 રેન્સિસ લાયકર્ટે કેટલાં પ્રકારની વ્યવસ્થાપન પ્રયુકિતઓઓળખાવી છે?
(A) બે (B) ત્રણ (C) છ (D) ચાર

22 સંસ્થાનું કદ એટલે –
(A) ક્ષેત્રફળ (B) આકાર (C) ઊંચાઈ (D) વિસ્તાર

23 નીચેનામાંથી કયું સંસ્થાકીય પરિણામ નથી?
(A) સંદેશાવહનના માર્ગો (B) દિશા (C) નેતૃત્વ ભાત (D) કદ–આકાર

24 સંસ્થાકીય આબોહવાને નીચેનામાંથી શું અસર કરતું નથી?
(A) કર્મચારીનું કુટુંબ (B) કંપનીના નીતિ–ધોરણો (C) કર્મચારીનું મનોબળ (D) અધિકાર માળખું

25 કંપનીના વર્તન અંગેના ધોરણો મોટેભાગે શેમાં વ્યકત થાય છે?
(A) માર્ગદર્શિકાઓ (B) વર્તમાનપત્રો (C) સ્થિર આદેશો (D) સામયિકો

26 'ભૂમિકા'ની નૃવંશશાસ્ત્રીય સંકલ્પનાને સૌપ્રથમવાર સમાજવૈજ્ઞાનિક વિશ્લેષણમાં કોણે દાખલ કરી?
(A) કુપ્પુસ્વામીએ (B) ન્યુકોમ્બે (C) લેવિને (D) લિંટને

27 '' રાજાએ થવું જોઈએ, પિતાએ પિતા તરીકે વર્તવું જોઈએ, સિપાહીએ સિપાહી તરીકે વર્તવું જોઈએ''– આવું વિધાન કોણે કર્યું છે?
(A) આચાર્ય રજનીશે (B) દલાઈ લામાએ (C) ગાંધીજીએ (D) કન્ફ્યુશિયસે
28 વિદ્યાર્થીઓના વાલીઓ, વિદ્યાર્થી, સામાજિક જન, શાળાની વ્યવસ્થાપન સમિતિ આ બધાના સંદર્ભમાં 'શિક્ષક' એ કોણ ગણાય?
(A) ભૂમિકા (B) કેન્દ્રિયવ્યકિત (C) ભૂમિકા પ્રસંગ (D) ભૂમિકા પ્રેષક
29 ભૂમિકા ધારણ કરનાર વ્યકિતને તેની જરૂરિયાતો, માંગો વગેરે પૂરી કરવાના માર્ગમાં જે વિરોધોનો સામનો કરવો પડે છે તેને શું કહેવામાં આવે છે?
(A) ભૂમિકા સંઘર્ષ (B) ભૂમિકા તાણ (C) ભૂમિકા દબાણ (D) ભૂમિકાવિરોધ
30 કેન્દ્રિયવ્યકિત અમુક ભૂમિકાપ્રસંગમાં જે વર્તન કરે છે તેને શું કહે છે?
(A) ભૂમિકા સેટ (B) ભૂમિકાખ્યાલ (C) ભૂમિકા વર્તન (D) ભૂમિકા પ્રત્યક્ષીકરણ
31 સંસ્થાકીય વર્તનને સમજવા માટે કર્ટ લ્યુઈને કયો ખ્યાલ આપ્યો?
(A) જીવન ઘડતર (B) જીવન અવકાશ (C) જીવન સંઘર્ષ (D) જીવન કલા
32 સંસ્થાકીય જીવનના ચણતરનું એકમ શું છે?
(A) એકમ (B) નિદર્શ (C) દશક (D) સમષ્ટિ
33 ભૂમિકાપ્રેષણની ક્રિયાઓના પાંચ પાસાંઓમાં નીચેનામાંથી કયું સમાવિષ્ટ નથી?
(A) સંદેશ (B) ચોકકસતાા (C) તીવ્રતા (D) નિશાની
34 ભૂમિકા પ્રસંગના કુલ કેટલા અંગો છે?
(A) ચાર (B) ત્રણ (C) છ (D) પાંચ
35 નીચેનામાંથી કયો ભૂમિકા સંઘર્ષનો એક પ્રકાર નથી?
(A) અંતર–પ્રેષક સંઘર્ષ (B) વ્યકિત–સંસ્થા સંઘર્ષ (C) વ્યકિત–ભૂમિકા સંઘર્ષ (D) આંતર પ્રેષક સંઘર્ષ
36 જો કોઈ ઉચ્ચઅધિકારીને મજૂરસંઘ સાથે કોઈ પ્રકારનું સમાધાન સાધવું પડે, પણ તેને તે તેના વ્યકિતગત મૂલ્યો કે આચાર સંહિતાવિરુધ્ધ લાગે તો તેને કયા પ્રકારના સંઘર્ષ થશે?
(A) અંતર–ભૂમિકા સંઘર્ષ (B) ભૂમિકાઅતિભાર (C) વ્યકિત–ભૂમિકા સંઘર્ષ (D) આંતર ભૂમિકા સંઘર્ષ
37 દરેક ભૂમિકા અંગે વર્તનની કેટલીક અપેક્ષાઓ હોય છે, તેને શું કહે છે?
(A) સમાજની માંગ (B) સમાજનો કાયદો (C) સમાજની અપેક્ષા (D) સમાજનો રિવાજ(રીતરસમ)
38 જો ભૂમિકા સંઘર્ષનો ઉકેલ ન આવે તો શું ઊભું થાય છે?
(A) ઝઘડો (B) ધમાલ (C) શારીરિક–માનકિ તાણ (D) યુદ્ધ
39 પ્રભાવ પ્રયત્ન એટલે –
(A) અધિકાર (B) નિયંત્રણ (C) નિર્ણય (D) સત્તા
40 સામાજિક સત્તાના કુલ કેટલાં સિધ્ધાંતો છે?
(A) પાંચ (B) ત્રણ (C) ચાર (D) બે
41 નીચેનામાંથી કયો સત્તાનો ઉપયોગ નથી?
(A) દબાણ લાવવાના સાધનો (B) પરાવલંબનો (C) પ્રતિસત્તા (D) વિરોધ
42 ''કેટલીક વ્યકિતઓ પાસે અન્યવ્યકિતઓ કરતાં વધુ સત્તા હોવી તે માનવજીવનની સુસ્પષ્ટ અને સહેલાઈથી નજરે આવતી હકીકત છે'' – આવું કોણે કહયું છે?
(A) કિફ્રીસે (B) કાત્ઝ અને કાહને (C) માર્સ અનેઅન્ય (D) આર ડાહ્લે
43 કોણે**'¥'**અને**'ï¢'**વચ્ચે થતી આંતરક્રિયાનું અર્થશાસ્ત્રીય વિશ્લેષણ કર્યું છે?
(A) વેબર (B) પાર્કિન્સન (C) થીબોત અને કેલ્લી (D) કર્ટ અને સાથીઓ
44 ન્યાયીઅને કાયદેસર માર્ગે થતી સત્તાપ્રાપ્તિ એટલે –
(A) પ્રભાવ (B) અધિકાર (C) નિયંત્રણ (D) સત્તા
45 નિયંત્રણના કારણે થતી પ્રતિક્રિયાઓમાં કયું ઘટક સમાવિષ્ટ નથી?
(A) સમજૂતી (B) લવચિકતા (C) જવાબદારી (D) ન્યાયીપણું
46 કોણ સત્તાને બળ તરીકે જુએ છે?
(A) પોલાર્ડ અને મિશેલ (B) માર્ચ અને અન્ય (C) ફ્રેન્ચ અને રેવન (D) કર્ટ અને સાથીદારો
47 સૌથી વધુ વપરાતા એવા નિયંત્રણવ્યૂહો (માર્ગો) કેટલાં છે?
(A) ત્રણ (B) ચાર (C) છ (D) પાંચ
48 કાયદેસર તર્કસંગત સત્તા અથવા અધિકારના સાત લક્ષણો કોણે સૂચવ્યાં છે?
(A) મોર્ગને (B) બોગાર્ડસે (C) વેબરે (D) લિકર્ટે
49 પ્રભાવ પાડવાની સુપ્ત શકિત એટલે –
(A) નિયંત્રણ (B) અધિકાર (C) દબાણ (D) સત્તા
50 અધિકારના ત્રણ પ્રકારમાં સમાવિષ્ટ નથી.
(A) તર્કસંગત–કાયદેસર (B) સમાજિક પ્રભાવ (C) કરિશ્માકે અલૌકિક પ્રભાવ (D) પરંપરાગત પ્રતિષ્ઠા પર આધારિત